રજા પ્રવાસ / વતન પ્રવાસ રાહતની
સવલત બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ મસભ/૧૦૨૦૧૩/૧૫૭૩(૧૨)/ચ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૪/૦૧/૨૦૧૩.

વંચાણે લીધાઃ

(૧) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ મસભ/૨૧૬૬/૪૨૯૮/જ, તા.૧૫/૧૦/૬૬.
(૨) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ મસભ/૧૦૯૯/૧૨૫૩/ચ, તા.૧૧/૧૦/૯૯.
(૩) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ મસભ/૧૦૨૦૦૭/૧૦૬૫/ચ, તા.૮/૬/૦૭.
(૪) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ મસભ/૧૦૨૦૦૮/૧૦૬૫/ચ, તા.૨૮/૪/૦૮.

## ઠ રા વ

રાજય સરકારના કર્મચારી / અધિકારીઓને રાજય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલ રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસ રાહતની યોજના અન્વયે રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસ રાહતનો લાભ મળવાપાત્ર થાય છે. કર્મચારી / અધિકારીઓને મળવાપાત્ર બ્લોક વર્ષઃ ૨૦૦૮-૨૦૧૧ નો લાભ તા.૩૧/૧૨/૨૦૧૧ ના રોજ પૂર્ણ થયેલ હતો. રાજય સરકારની સ્થાયી સૂચનાઓ અનુસાર બ્લોક વર્ષઃ ૨૦૦૮-૨૦૧૧ નો લાભ કર્મચારીઓ / અધિકારીઓ તા.૩૧/૧૨/૨૦૧૨ સુધી મેળવવા હક્કદાર હતા.

રાજયમાં વિધાનસભાની ચૂંટણીઓની પ્રક્રિયા હાથ ધરવામાં આવતાં આચાર સંહિતા અમલમાં આવેલ હતી. આચાર સંહિતાના કારણે કર્મચારી / અધિકારીઓ રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસ રાહતનો લાભ મેળવી શકેલ ન હતા. કર્મચારીઓ/ અધિકારીઓ બ્લોક વર્ષઃ ૨૦૦૮-૨૦૧૧ નો રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસ રાહતનો આ લાભ મેળવી શકે તે અંગેની સમય-મર્યાદા લંબાવવા માટે કર્મચારી મંડળો દ્વારા રજૂઆતો મળેલ હતી.

રાજય સરકાર દ્વારા પુખ્ત વિચારણાના અંતે કર્મચારી / અધિકારીઓ બ્લોક વર્ષઃ ૨૦૦૮-૨૦૧૧ નો રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસ રાહતનો લાભ મેળવી શકે તે બાબતને ધ્યાને રાખીને બ્લોક વર્ષઃ ૨૦૦૮-૨૦૧૧ની મુદત તારીખઃ ૩૦/૬/૨૦૧૩ સુધી લંબાવવાનું આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.ડી.સેઇલર)
નાયબ સચિવ,
નાણા વિભાગ.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, ગુજરાત ભવન, ગાંધીનગર
  માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
  માન.મંત્રીશ્રી /રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
  માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
  સચિવાલયના સર્વે વિભાગો/ ખાતાના વડાઓ/ કચેરીઓના વડાઓ.
  એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ), રાજકોટ/ અમદાવાદ.
  એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ), રાજકોટ/ અમદાવાદ.
  નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ/ સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
  સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ/ સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
  પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર/ અમદાવાદ.
  સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/ પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
  પીએઓ, સ.સ.ન.નિ.લિ., ગાંધીનગર/ વડોદરા.
  નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ.
  સર્વે બોર્ડ/ યુનિવર્સિટી/ નિગમ/ રાજય સરકારના જાહેર સાહસો.
  નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/ નાણા વિભાગની તમામ શાખાઓ.
  પસંદગી ફાઇલ-ચ શાખા.

- પત્ર દ્વારા